દાખલ તારીખ :– ૧૬/૦૯/૨૦૧૮

રજીસ્ટર તારીખ :– ૧૬/૦૯/૨૦૧૮

નિકાલ તારીખ :– ૨૮/૦૩/૨૦૧૯

| | | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|
| વીતેલો સમય | :– | ૦૦ | ૦૬ | ૧૨ |

**અમરેલી જીલ્લાના મહે. સ્પેશ્યલ જજ સાહેબની કોર્ટમાં, મુ. ધારી.**

સ્પેશ્યલ દિવાની દાવા (ઈલે) **: ૨૨૧/૨૦૧૮.**

આંક–**૧૭.**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
ના. ઈજનેર શ્રી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
સબ ડીવીઝન, ધારી–૨,
મુ. ધારી, તા.ધારી, જી.અમરેલી. ... વાદી

**વિરુધ્ધ**

રામજીભાઈ ભીખાભાઈ મકવાણા,
ઉ.વ.પુખ્ત, ધર્મે–હિન્દુ, ધંધો–ખેતી/વેપાર,
રહે. ગીગાસણ, તા. ધારી, જી.અમરેલી. ... પ્રતિવાદી

**સમક્ષ ::–** શ્રી એસ.એમ. ટાંક, સ્પેશ્યલ જજ, ધારી.

અરજદાર તરફે વિ.વ.શ્રી આર.બી.જોષી.
સામાવાળા તરફે એકતરફી.

**બાબત** :–રૂા. ૭,૬૦૮–૮૭ પૈસાના આંકથી રકમ વસુલ મળવા.

# –: : ઠ રા વ : :–

(૧) વાદી વીજ કંપનીએ હાથ પરનો દાવો પ્રતિવાદી પાસેથી પાવરચોરી બીલની લેણી રકમ વસુલ મેળવવા અંગેનો દાખલ કરેલો છે.

(૨) વાદીના દાવાની હકીકત ટુંકમા એવી છે કે, વાદી વીજ કંપની કાયદા મારફત ઘડાયેલી કોન્સ્ટીટયુટેડ કોર્પોરેટ બોડી છે જે પાછળથી પી.જી.વી.સી.એલ. માં કન્વર્ટ કરવામાં આવેલી છે. વાદી વીજ કંપનીના ના. ઈજનેરશ્રીને કંપની વતિથી કાયદાકીય કાર્યવાહી કરવાના અધિકાર પ્રાપ્ત થયેલ છે. વાદી કંપની જુદા જુદા હેતુઓ માટે વીજ જોડાણ આપી વીજ પુરવઠો પુરો પાડે છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના વીજ ગ્રાહક નથી. વાદી કંપનીના અધિકારીઓ તથા કર્મચારીઓએ તારીખ ૨૭/૧૨/૨૦૧૪ ના રોજ ધારી તાલુકાના ગીગાસણ ગામમાં રહેણાંક વિસ્તારમાં વીજ ચેકિંગ અર્થે ગયેલા ત્યારે આ કામના પ્રતિવાદીએ ધારી તાલુકાના ગીગાસણ ગામમાં આવેલ હળવા દબાણની એલ.ટી. લાઈનમાં આશરે ૨૦ મીટર પીળા રંગની પ્રાઈવેટ ટવીન સર્વિસ વાયરથી ડાયરેકટ આંકડીયો લંગર નાખી તેના ઘરની અંદર ફેઝ થતા ન્યુટ્રલમાં જોડી ગેર કાયદેસર રીતે વીજ વપરાશ કરતા હોવાનું માલુમ પડેલું. સ્થળ ઉપરથી ૨૦ મીટર સર્વિસ વાયર કબજે લેવામાં આવેલો. આ સમયે પ્રતિવાદી સ્થળ પર હાજર હતા અને તેઓની હાજરીમા વાદી વીજ કંપનીના અધિકારીઓએ સ્થળ પર જ નકશા સહિતનું રોજકામ અને વીજ જોડાણ અહેવાલ તૈયાર કરી વીજ જોડાણ તપાસણી અહેવાલ તૈયાર કરેલો અને આ અંગે પ્રતિવાદીને સહી કરવાનું કહેવામાં આવતા તેઓએ સહી કરવાની ના પાડેલી.

(૩) ઉપરોકત વિગતે આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવા છતા પાવરચોરી કરતા પકડાઈ જવાના કારણે વાદી કંપની તરફથી પ્રતિવાદીને પાવરચોરીનું બીલ આપવામાં આવેલુ હતુ. વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી આ બીલની રકમ વિલંબીત ચાર્જ તેમજ વ્યાજ સાથે વસુલ કરવા હકક અધિકાર છે. પ્રતિવાદીએ તેની પાવરચોરી બીલની રકમ ભરપાઈ ન કરતા વાદી કંપની મારફતે પ્રતિવાદીને લીગલ નોટીસ મોકલાવેલી હતી. તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનીને આજદિન સુધી પાવરચોરીની બીલની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલા. આ અંગે વાદી વીજ કંપનીએ પ્રતિવાદી વિરુઘ્ધ પાવરચોરી અંગે પીજીવીસીએલ પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ પણ આપેલી. જેથી પ્રતિવાદી પાસેથી વાદીએ નીચે મુજબની

લેણી રકમ વસુલ કરવા માટે હાલનો દાવો દાખલ કરેલો છે :

રૂપીયા ૫,૬૧૬–૮૨ પૈસા પાવરચોરીની રકમ

રૂપીયા ૧,૯૯૨–૦૫ પૈસા વિલંબીત ચાર્જની રકમ

———————————

રૂપીયા **૭,૬૦૮–૮૭** પૈસા કુલ બાકી રકમ.

(૪) સદર દાવો દાખલ થતા પ્રતિવાદીને ધારાસર નોટીસ કાઢવામાં આવેલી જે નોટીસ પ્રતિવાદીને યોગ્ય રીતે બજી ગયેલ હોવા છતાં પ્રતિવાદી કે તેના કોઈ પ્રતિનીધી હાથ પરના કામમાં હાજર ન થતાં તેમની વિરુધ્ધ આ દાવાનુ કામ એક તરફી ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

(૫) વાદી વીજ કંપની તરફે દાવાના કામે નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે :

| અનુ. નં. | મૌખિક અને દસ્તાવેજી પુરાવાની વિગતો | આંક |
|---|---|---|
| ૧ | વાદી કંપનીના અધિકારીશ્રી મનીષભાઈ પોપટભાઈ લીબાસીયાનું સર તપાસનુ સોગંદનામુ | ૭ |
| ૨ | દાવો દાખલ કરવાના મંજુરી પત્રની ખરી નકલ | ૯ |
| ૩ | પ્રફોર્મા નં.–૧૨ ની ખરી નકલ | ૧૦ |
| ૪ | પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસની ખરી નકલ | ૧૧ |
| ૫ | એનેક્ષર–૧૨ ની ખરી નકલ | ૧૨ |
| ૬ | એનેક્ષર–૧૧ ની ખરી નકલ | ૧૩ |
| ૭ | પુરવણી બીલની ખરી નકલ | ૧૪ |
| ૮ | વીજ જોડાણ તપાસણી અહેવાલની ખરી નકલ | ૧૫ |

(૬) સદરહુ કામે દાવાના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલા

(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ ગેરકાયદેસર વીજ વપરાશ કરી વીજ ચોરી કરેલ છે?

(૨) શું વાદી માંગ્યા મુજબની વીજ ચોરીની રકમ વ્યાજ તથા ખર્ચ સહીત મેળવવા હકકદાર છે? જો હા કેટલા ટકાના દરે?

(૩) શું હુકમ અને હુકમનામુ?

ઉપરોકત મુદાઓના મારાં નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અશંતઃ હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**: : કારણો : :**

**મુદા નંબર–૧ થી ૨ :–**

(૭) ઉપરોકત તમામ મુદાઓની હકીકત પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, ઉપરોકત તમામ મુદાઓના નિર્ણયો માટેના કારણોની ચર્ચાનુ બીન જરુરી પુનરાવર્તન થાય તે હેતુસર તમામ મુદાઓના નિર્ણયો માટેના કારણોની ચર્ચા સરળતા ખાતર એકીસાથે કરવામાં આવે છે.

(૮) વાદી તરફે વિ. વકીલ શ્રી જોષીની દલીલો સાંભળવામાં આવી. વાદી તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી આધારો વંચાણે લેવામાં આવેલ. વાદીએ તેમનો દાવો પુરવાર કરવા માટે દસ્તાવેજોના સમર્થનમાં આંક–૭ થી વાદી કંપનીના ડેપ્યુટી એન્જીનીયર શ્રી મનીષભાઈ પોપટભાઈ લીબાસીયાનું સોગંદનામુ રજુ કરેલું છે. તે સોગંદનામામાં તેઓ જણાવે છે કે વાદી કંપનીના અધિકૃત અધિકારીઓ તારીખ ૨૭/૧૨/૨૦૧૪ ના રોજ પ્રતિવાદીને ત્યા વીજ ચેકીગ કરતા પ્રતિવાદી વીજ ચોરી કરતા માલુમ પડેલ. આથી તે જ સમયે તેમના પ્રતિનીધીની હાજરીમાં જે તે પરીસ્થિતીમાં ચેકીગ શીટમાં ઉલ્લેખ કરી પ્રતિવાદીના પ્રતિનીધીને તે અંગેની સમજણ પાડી એક કોપી તેઓને આપેલી અને ધારાધોરણ મુજબની

કાર્યવાહી કરી જરુરી દસ્તાવેજો તૈયાર કરેલા. જે દસ્તાવેજો આ કામે આંકે પાડી દાખલ કરવામાં આવેલા છે. વાદી વીજ કંપનીએ પ્રતિવાદીને પાવરચોરીનુ બીલ પણ આપેલુ. પ્રતિવાદીએ પાવરચોરી બીલની રકમ ભરપાઈ ન કરતા તેઓને લીગલ નોટીસ આપવામાં આવેલી જે નોટીસ પણ આ કામે આંક–૧૧ થી રજુ રાખવામા આવેલી છે. ટુંકમા વીજકંપનીના અધિકારીએ આંક–૧ વાળી દાવા અરજી અને તેની સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને આધીન સુસંગત પુરાવો આપેલો છે.

(૯) વાદીએ રજુ કરેલો આંક–૭ નો મૌખિક પુરાવો તેમજ આંક–૯ થી આંક–૧૫ સુધીનો દસ્તાવેજી પુરાવો પ્રતિવાદી ઘ્વારા પડકારેલો નથી. તે સંજોગોમાં વાદીનો ઉપરોકત સોગંદ ઉપરનો પુરાવો ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. આમ, વાદી કંપની ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી એવુ પુરવાર કરવામાં સફળ થાય છે કે આ કામના પ્રતિવાદી વીજ ગ્રાહક ન હોવા છતાં ગેરકાયદેસર રીતે વીજ જોડાણ લઈ, વીજ વપરાશ કરી, વીજચોરી કરેલી છે. તેથી મુદા નંબર–૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૦) વાદીએ તેના દાવામાં પ્રતિવાદી પાસે ૧૮ ટકા લેખે વ્યાજની માંગણી કરેલી છે. જો કે સાંપ્રત સમયનો વ્યાજનો દર જોવામાં આવે તો તે વધુ પડતો જણાઈ આવે છે. વાદી વીજ કંપનીએ પ્રતિવાદી સાથે વ્યાજ અંગેનો કોઈ કરાર કરેલો ન હોય, વાદી કંપની તેની માંગણી મુજબનો વ્યાજનો દર નહી પરંતુ વાદીને ૭(સાત) ટકાના દરે વ્યાજ આપવુ વ્યાજબી અને ન્યાયી જણાતું હોય, વાદી તે મુજબ વ્યાજ મેળવવા હકદાર હોવાનુ ઠરાવી મુદા નંબર–ર નો જવાબ અંશતઃ હકારમાં આપી, મુદ્દા નંબર–૩ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે :–

## **–: : આખરી હુકમ : :–**

(૧) આ કામના વાદી વીજ કંપનીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(ર) આ કામના પ્રતિવાદીએ વાદી વીજ કંપનીને વીજચોરીની લેણી રકમ રૂપીયા **૭,૬૦૮–૮૭** પૈસા (અંકે રૂપિયા સાત હજાર, છસ્સો, આઠ અને સત્યાશી પૈસા પુરા), ૭(સાત) ટકાના સાદા વ્યાજ સાથે ચડયે–ચડયાં આ હુકમની તારીખથી ૯૦ દિવસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ દાવાનો પ્રતિવાદીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને વાદીનો ખર્ચ

પ્રતિવાદીએ ચુકવી આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજ રોજ તારીખ : **૨૮** મી, માહે : **માર્ચ,** સને : **૨૦૧૯** ના રોજ મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**( સુનીલ એમ.ટાંક )**
**સ્પેશ્યલ જજ,**
**ધારી.**
Code No. GJ00586

સ્થળ : ધારી.
તારીખ : ૨૮ /૦૩/૨૦૧૯